## વાત ગાંધીનગરની

કોરોનાના ભય વચ્ચે પાટનગરે તેનો ૫૬મો જન્મદિવસ સામાજીક અંતર જાળવી છુટી છવાયી ઉજવણી કરી. ક્યાંક વૃક્ષારોપણ, ક્યાંક માસ્ક અને સેનેટાઈઝ વિતરણ, તો ક્યાંક ગીત-સંગીતનો ઓનલાઈન જલસો યોજાયો. પરંતુ આ બધામાં જનજીવનમાં કોઈ ઝાઝો ઉત્સાહ દેખાતો ન હતો. ઉજવણી થઈ પણ ઉમંગની ગેરહાજરીમાં.

**શહેરના સ્થપના દિવસે બંને જનપ્રતિનિધિ કોરોનાથી સંક્રમિત**

ગાંધીનગરના ધારાસભ્ય સી. જે. ચાવડા અને સંસદ સભ્ય અને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ બંને એક જ દિવસે અને તે પણ ગાંધીનગરના સ્થાપના દિવસે જ કોરોનાથી સંક્રમિત થયા એ પણ એક સંયોગ છે.

**સુભગ સમન્વય**

રાજા અને રાજધાની બંનેનો એક જ દિવસે જન્મ દિવસ આવે અને ઉજવાય એવો સુભગ સમન્વય ચાર વર્ષથી ગાંધીનગરને પ્રાપ્ત થાય છે. આજે ગાંધીનગરને ૫૬મું બેઠુ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીને ૬૪ મુ બેઠુ. સાદાઈથી ઉજવણી થઈ, પણ એક જ દિવસે રાજા અને રાજધાની બંનેની વર્ષગાંઠ એક સાથે ઉજવવાનું સદ્ભાગ્ય ગુજરાત અને ગાંધીનગર અનુભવે છે અને હજુ પાંચ દિવસ બાદ એટલે કે ૭મી ઓગષ્ટે મુખ્યમંત્રી વિજય રૂપાણી શાસનના ચાર વર્ષ સફળતાપૂર્વક સંપન્ન કરી પાંચમા વર્ષમાં પ્રવેશશે.

**પંદર દિવસમાં જ છ મુખ્યમંત્રીઓના જન્મ દિવસ**

૨૦ જુલાઈથી ૫ ઓગષ્ટ એટલે કે પંદર દિવસના સમયગાળામાં ગુજરાતના હયાત પાંચ મુખ્યમંત્રી અને એક સ્વર્ગસ્થ મુખ્યમંત્રીનો જન્મ દિવસ ઉજવાય છે. પૂર્વ મુખ્યમંત્રીઓમાં શંકરસિંહ વાઘેલાનો ૨૧મી જુલાઈ, કેશુભાઈ પટેલનો ૨૪મી જુલાઈ, માધવસિંહ સોલંકીનો ૩૦મી જુલાઈ, સ્વર્ગસ્થ અમરસિંહ ચૌધરીનો ૩૧મી જુલાઈ, વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો ૨જી ઓગષ્ટ અને પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાનો ૫મી ઓગષ્ટે જન્મ દિવસ છે. અર્થ એવો નીકળી શકે કે ૨૦મી જુલાઈથી ૫મી ઓગષ્ટ દરમ્યાન જન્મ તારીખ જેમની હોય તેમના માટે ગુજરાતના મુખ્યમંત્રી બનવાની તક છુવાયેલી હોય છે. આ યોગાનુયોગ છે કે ગ્રહોની ચાલ છે ? જે હોય તે ઈતિહાસે પૂરવાર કર્યુ છે કે ગુજરાતના મુખ્યમંત્રી થવા માટે આ સમયમાં જન્મેલા માટે સમય સારો છે.

**જન્મ દિવસે મુખ્યમંત્રી સુરત પહોંચ્યા**

સંવેદનશીલ મુખ્યમંત્રી કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ માટે ઉભી કરાયેલી કોવિડ હોસ્પિટલની મુલાકાત લેવા જન્મ દિવસની સાંજે સુરત પહોંચ્યા હતા. નાયબ મુખ્યમંત્રી અને અધિકારીઓનો કાફલો પણ સુરત પહોંચ્યો હતો. જ્યાં સ્થાનિક વહીવટીતંત્ર સાથે બેસીને પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી અને જરૂરી આદેશો આપ્યા હતા.

**રક્ષાબંધન ઉજવાશે - પણ..!**

ભાઈ બહેનના શાશ્વત પ્રેમનુ પર્વ એટલે રક્ષાબંધન. પાટનગરમાં રવિવારે સવારે સે. ૨૧ અને ઈન્ફોસીટીના માર્કેટમાં થોડી ચહલપહલ વર્તાતી હતી. જ્યારે બપોર બાદ મીઠાઈ અને ચોકલેટની દુકાનો પર સામાજીક અંતર જાળવીને અલ્પ સંખ્યામાં બહેનો મીઠાઈ કે ચોકલેટ ખરીદતી નજરે પડતી હતી. કેટલીક બહેનો પોતાના ભાઈની રક્ષા માટે રાખડીની સાથોસાથ ડિઝાઈનર માસ્કની પણ ખરીદી કરતી હતી. આ સમયની માંગ દર્શાવે છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૮, દહેગામમાં ૨, માણસામાં ૪ અને કલોલમાં ૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૯ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

આજે ગાંધીનગર તાલુકામાં ૮, દહેગામમાં ૨, માણસામાં ૪ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની દોડધામ વધવા પામી છે. ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા ૧ હજારને પાર કરી ગઈ છે.

ગ્રામીણ વિસ્તારોમાં પણ રોજ નવા ગામોમાંથી કેસો મળી રહ્યા છે તેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા ૮ કેસોમાં બે મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર શહેર નજીક વિકસી રહેલ ગિફ્ટસીટીમાંથી આજે પ્રથમ કેસ નોંધાયો છે. ગિફ્ટસીટીમાં એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

આ ઉપરાંત મહુન્દ્રા ગામેથી એક ૩૮ વર્ષીય પુરૂષ, સુઘડમાંથી ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉનાવામાં ધીમેધીમે કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે પણ આ ગામેથી એક ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉનાવામાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦ ની નજીક પહોંચી છે.

હોટસ્પોટ ગણાતા સરગાસણમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૩ વર્ષીય મહિલા અને ૩૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. શેરથામાંથી પણ એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદ ગામેથી પણ એક ૬૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સેમી અર્બન એરિયા ગણાતા વિસ્તારોમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્ર સ્તબ્ધ છે.

દહેગામાં આજે શહેરી વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૬ વર્ષીય પુરૂષ અને ૪૦ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

માણસા તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. આ ચારેય કેસ માણસા અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે. માણસા અર્બન એરિયામાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી શહેરી વિસ્તારમાં સર્વેલન્સને સઘન બનાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

માણસા અર્બનમાંથી એક ૮૫ વર્ષીય વૃદ્ધ, એક ૨૫ વર્ષીય યુવાન, એક ૩૮ વર્ષીય યુવાન અને એક ૪૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ લોકોને સારવાર માટે હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાંથી આજે વધુ પાંચ કેસ મળ્યા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી એક ૫૪ વર્ષીય પુરૂષ, શેરીસામાંથી એક ૪૮ વર્ષીય મહિલા અને છત્રાલમાંતી એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા કોરોનામાં સપડાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.



ગઈકાલે પશુપાલન નિયામક ફાલ્ગુનીબેનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી તેઓ ક્વોરોન્ટાઈન થયા હતા. ગાંધીનગર જિલ્લાના પ્રથમ ધારાસભ્ય કોરોનામાં સપડાયા છે.

ડૉ. ચાવડાને સારવાર માટે અમદાવાદ યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને ગાંધીનગરના ધારાસભ્ય સી.જે. ચાવડા એક જ દિવસે કોરોનાની ઝપટમાં આવ્યા છે. બન્ને લોકસભાનો જંગ સામ સામે લડ્યા હતા એ પણ નોંધનીય છે.

# શહેરમાં કોરોનાના કેસ ૫૦૦ને પાર

## આજે સે. ૭ માં ૩, સે. ૨૪ માં ૨, જીઈબી કોલોની, સે. ૨૨, સે. ૪, સે. ૧ અને સે. ૨૬ માંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૦૦ ને પાર થઈ ગઈ છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૦૬ થઈ છે.

શહેરમાં આજે સે. ૭માં ૩, સે. ૨૪ માં ૨, જી.ઈ.બી. કોલોની, સે. ૪, સે. ૧, સે. ૨૬ અને સે. ૨૨ માંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં એક દંપત્તિ, એક આઈ.ટી.આઈ. નડિયાદના સ્ટોરકીપર, જી.ઈ.બી.ના હેલ્પર, એક પુરવઠા નિગમના કલાર્ક, સીરામીક ફેક્ટરીના માલિક અને વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે જી.ઈ.બી.માં હેલ્પર તરીકે નોકરી કરતા અને જી.ઈ.બી. કોલોનીમાં રહેતા એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

### શહેરમાં વધુ ૧૦ કેસ

સે. ૭ માંથી એક દંપત્તિનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિના પરિવારમાંથી અગાઉ ૩ જણાને કોરોના પોઝીટીવ આવતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. હવે આ વયસ્ક દંપત્તિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમનો સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ફાર્મસીનો અભ્યાસ કરતી અને સે. ૨૪ માં રહેતી એક ૧૯ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીનીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જી.આઈ.ડી.સી.ની ઈલેક્ટ્રોનીક એસ્ટેટની એક ફેક્ટરીના માર્કેટીંગ કામ સાથે સંકળાયેલ અને સે. ૨૬ માં રહેતા એક ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પાણીપુરીની દુકાન ધરાવતા અને સે. ૪ માં રહેતા એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરનો ૫૬મો સ્થાપના દિન ઉજવાયો

## ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત રહી કેક કટીંગ કર્યુ : મેયરે શહેરના વિકાસમેપ અંગે માહિતી આપી : શહેર કોંગ્રેસે પણ બર્થ ડે કેક કાપી : શહેર વસાહત મહામંડળે સાદગીપૂર્ણ ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના પાટનગર ગાંધીનગરે આજે ૫૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગાંધીનગરના સ્થાપના દિનની ઉજવણી કાર્યક્રમમાં રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, રમીલાબેન બારા તથા શહેરના મેયર રીટાબેન પટેલ જોડાયાં હતા. બીજી તરફ શહેર કોંગ્રેસ દ્વારા પણ ગાંધીનગરનો સ્થાપના દિન કેક કટીંગ કરીને ઉજવવામાં આવ્યો હતો. જ્યારે શહેર વસાહત મહામંડળ દ્વારા પાટનગરના સ્થાપના દિનની ઉજવણી પરંપરાગત રીતે પરંતુ સાદાઈથી કરવામાં આવી હતી.

ગાંધીનગરના ૫૬માં સ્થાપના દિન નિમિત્તે જીઈબી કોલોની ખાતે જ્યાં શહેરની પ્રથમ ઈંટ મુકાઈ હતી ત્યાં રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય બાદ કેક કટીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ઓનલાઈન શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ગાંધીનગરમાં ભેળવાયેલા ૧૮ ગામ સહિતના વિસ્તારમાં જરૂરી આંતર માળખાકીય સુવિધાઓના વિકાસની ચર્ચા કરાઈ હતી. આ પ્રસંગે મેયર ઉપરાંત સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિત પૂર્વ મેયરો અને હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યાં હતા.







ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા સેક્ટર-૨૨ના કોંગ્રેસ કાર્યાલય ખાતે કેક કટીંગ કરીને પાટનગરનો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો જેમાં પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષે ગાંધીનગરનો સ્થાપના દિન ઉજવવાની પ્રથા છે તે મુજબ પરંપરાગત રીતે જીઈબી કોલોની ખાતે સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, થર્મલ પાવર સ્ટેશનના ચીફ એન્જિનીયર બથવાર સાહેબ, ડીજીએમ થોમસ તેમજ કિશોર જિકાદરાની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય અને તકતી પૂજન દ્વારા નગરની સુખાકારી તથા પ્રગતિની કામના વ્યક્ત કરવામાં આવી હતી.

## શહેરમાં નગરજનો ઉકળાટથી બેચેન

### ગરમીનો પારો પણ ૩૫ ડીગ્રીએ તડકી છાયડીના માહોલ વચ્ચે અસહ્ય બફારો અનુભવતા નગરજનો બેબાકળા : વરસાદની આશ પ્રબળ

ગાંધીનગર તા ૨

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદ ગાયબ છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપી જાય છે. તડકી છાયડીના માહોલ વચ્ચે રોજબરોજ વરસાદી વાતાવરણ સર્જાય છે. પરંતુ વરસાદ આવતો નથી. જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનુ જોર વધી રહ્યુ છે. અસહ્ય બફારાથી ભીંજાતા નગરજનો વરસાદની આશ સાથે બેચેની અનુભવી રહ્યા છે.

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદ અદ્રશ્ય છે. આકાશમાં રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો પવનની લહેરકી સાથે વિખેરાઈ જાય છે. ગઈકાલે પણ દિવસના અંતે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ પરંતુ વરસાદ મનમુકીને વરસતો નથી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬ ઈંચથી વધુ વરસાદ થયો છે. જયારે જિલ્લામાં પણ સિઝનનો સરેરાશ ૪૦ ટકા વરસાદ વરસ્યો છે. બીજીતરફ વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં ઉકળાટનુ જોર વધી રહ્યુ છે. અસહ્ય ઉકળાટના લીધે નગરજનો આકરો બફારો વેઠી રહ્યા છે. સવારથી જ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો આકરો ઉકળાટના લીધે બેચેન બને છે. સાંજે પણ પવન ન હોવાથી સેકટરવાસીઓ મુંઝવણ અનુભવે છે. શહેર તેમજ જિલ્લામાં હજુ પુરતો વરસાદ થયો નથી ત્યારે વાતાવરણમાં પણ ગરમીનુ જોર વધતા સૌ કોઈની નજર રોજ નભ તરફ મંડરાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગૌવંશના કેસો માટે સ્પેશિયલ સરકારી વકીલ તરીકે અશ્વિન ત્રિવેદીની નિમણુંક

ગાંધીનગર તા ૨

કાયદા વિભાગ દ્વારા ગાંધીનગરના જાણીતા વકીલ અશ્વિન ત્રિવેદીની જિલ્લાના સ્પેશિયલ સરકારી વકીલ તરીકે નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત સરકારના એનિમલ પ્રિજર્વેશન એક્ટ ૧૯૫૪ હેઠળના ગુજરાત એનિમલ પ્રિજર્વેશન રૂલ્સ ૨૦૧૭ અન્વયે ગૌવંશ, ગૌમાંસ ના કેસોમાં જિલ્લાના સ્પેશિયલ સરકારી વકીલ તરીકે તેમની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લામાં ગૌ પ્રેમીઓ સહીત બ્રહ્મસમાજે પણ આ નિમણુંક બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી છે.



આ તબક્કે વકીલ અશ્વિન ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે ગૌવંશ ગૌમાંસના કેસોમાં આરોપીને કડક સજા કરાવવા કટીબધ્ધ છે. નગરના જાણીતા વકીલ અશ્વિન ત્રિવેદી અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે કાર્યરત છે. જયારે બ્રહ્મસમાજના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે પણ સેવા આપી રહ્યા છે. તેમની આ નિમણુંક બદલ ગુજરાત બાર કાઉન્સિલ તેમજ જિલ્લા અને રાજયના વકીલોએ અભિનંદન પાઠવ્યા છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com